<u>પ્રકરણ : ૫</u>

# ❑ 'અકિલા'નું સમાચાર, વિચાર, વાચનસામગ્રી, શૈલી અને પ્રસારલક્ષી અધ્યયન ❑

**આ**સપાસ જીવાતા જીવનની ઘટનાઓ અને તેની આવશ્યકતાઓ, ઉપલબ્ધિઓ વિસંગતીઓ તથા અનિવાર્યતાઓને એના સાચૂકલા સ્વરૂપમાં પ્રગટ કરવાનું કાર્ય જે માધ્યમ દ્વારા અધિકારપૂર્વક સંપન્ન થઈ રહયું છે તે છે અખબારનવેસી અથવા પત્રકારત્વ. એક અર્થમાં આ માધ્યમ સમાજનું દર્પણ છે અને એટલે જ એને એક 'સામાજિક ધર્મ' અદા કરતા માધ્યમ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ જે ખબર વાચકો સુધી સામાન્ય રીતે પહોંચતી નથી તેને પ્રકાશમાં લાવવાનું કામ એટલે અન્વેષણાત્મક પત્રકારત્વ કરે છે. પત્રકારત્વને 'ધંધો' માનનારા મોટાભાગના પત્રકારત્વના સૂત્રધારો આજે આ ધ્યેય ચૂકી ગયા છે. 'અકિલા'ને પ્રજાલક્ષી પત્રકારત્વમાં રસ છે એટલે એણે નીતિમત્તાનાં ધોરણોને ઝાંખપ ન લાગે એ વાતને નજર સમક્ષ રાખી છે.

પત્રકારત્વની મદદ વગર આજે વ્યકિત માહિતી અને જાણકારીનાં અભાવે એક પ્રકારનું પાંગળાપણું અનુભવે છે. સમાચાર પત્ર માણસ માટે માત્ર સમાચાર નહીં, જ્ઞાન, શિક્ષણ, મનોરંજન, માર્ગદર્શન એમ ઘણુંબધુ સુલભ બનાવે છે. ચીજ વસ્તુના ભાવ-તાલ, ઉદ્યોગ-ધંધા, નોકરી-રોજગારીનાં ક્ષેત્રો, પરિવહન કાયદા-કાનૂન, ગ્રાહક-શિક્ષણવિષયક અનેકવિધ માહિતીની ફરજ અદા કરે છે. તેમજ સામાજિક, આર્થિક, રાજકીય પ્રવાહોથી વાચકને વાકેફ રાખે છે. સંસ્કૃતિનાં સાહિત્ય, કલા, વ્રત, ઉત્સવો, પર્વો, જયોર્તિધરો વગેરે વિષયક પૂરક લેખો દ્વારા દેશની અસ્મિતાનું રક્ષણ કરે છે. પત્રકારને વાચકો મિત્ર અને માર્ગદર્શક ગણે છે એટલે એની જવાબદારી વાચકો પ્રત્યે વધી જાય છે. પત્રકારની કલમ લોકોને બહેકાવે નહીં, કોમી એકતા અને બંધુત્વને હાનિ ન પહોંચાડે અથવા વેરવૃત્તિથી કે 'બ્લેક મેઈલિંગ'ના બદઈરાદાથી વ્યકિતની પ્રતિષ્ઠાને નુકશાન ન પહોંચાડે એવા સંયમની પણ પત્રકાર પાસે લોકો અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે.

અખબારો સમાજની આરસી છે, કારણ કે સમાજની તસવીર જ તેમાં પ્રતિબિંબત થાય છે. સમાજ જીવનનાં પ્રશ્નો, પ્રવાહો, પડકારો, વિકૃત્તિઓ, વિશેષતાઓ, અપેક્ષાઓ અને મજબુરીઓનું ચિત્ર અખબારમાં અંકિત થાય છે. સમાજ અને સરકાર વચ્ચે સેતુ બનવાની ક્ષમતા ધરાવતું અખબાર 'લોકપ્રહરી' છે, અન્યાય સંસ્થા તરફથી થતો હોય કે સરકારો તરફથી હોય તેની સામે અખબાર લડત આપી લોકોને પોતાનાં હિત અને હક્ક માટે તૈયાર કરે છે. પ્રજાને કટોકટીકાળમાં હૂંફ આપીને નિર્ભય રહેવા માટે દિલાસો પ્રદાન કરે છે. સમાનતા સંપન્ન ઉન્નત અને ધ્યેય લક્ષી સમાજ નિર્માણમાં છાપાં મહત્વનું પ્રદાન કરી શકે છે. વિકાસશીલ દેશોમાં પ્રજાની ઉન્નતિ માટેનું પ્રોત્સાહન પૂરું પાડીને છાપાં સમાજ–ઉન્નાયકનું કર્તવ્ય બજાવી શકે છે. નવીન સામાજિક વાતાવરણના નિર્માણમાં સમાચારપત્રો શું કરી શકે તેનું ઉત્તમ ઉદાહરણ રાજા રામમોહનરાય, લોક માન્ય તિલક, ગાંધીજી જેવા શ્રેષ્ઠ નેતાઓનું પત્રકારત્વ છે.

પત્રકારે સ્વયં સમતોલન, નિષ્પક્ષતા અને માનવમાત્રનાં કલ્યાણ માટે કાર્યરત–સંકલ્પબધ્ધ બનવું પડે. શાંતિ જોખમાય, વેર–વેશેધ અને પ્રતિશોધની વૃત્તિ બહેકે અને સમાજ જીવન છિન્નભિન્ન થઈ જાય એવા ઝેરી સમાચારો સમાજનું અહિત કરે છે. ભ્રષ્ટાચાર પત્રકારનાં સમાજ ધર્મને લજ્જિત કરે છે. આ બધી સાવચેતી સાથે જ પત્રકાર પોતાની ઉદાત્ત ભૂમિકા નિભાવી શકે.

સમાચાર બોધ (ન્યૂઝ સેન્સ), સર્તકતા અથવા સ્ફૂતિ (એલર્ટનેસ), શીઘ્રતા (સ્પીડ), જિજ્ઞાસા (કયુરિયોસિટી), સંશય અથવા અવિશ્વાસ (સ્કેપ્ટિસિઝમ), દૂરદર્શિતા (ફોર્થરાઈટનેસ), આત્માનુશાસન (સેલ્ફ ડિસિપ્લિન), ઈમાનદારી અથવા સત્યનિષ્ઠા (ઈન્ટિગ્રિટી), નિર્ભયતા અને સ્પષ્ટવાદિતા (ફિયરલેસનેસ એન્ડ ફ્રેન્કનેસ), ગતિશીલતા (મોબિલિટી) અને સ્પષ્ટતા તેમજ વસ્તુનિષ્ઠતા સાથેનું સર્જનાત્મક લેખન આ અગિયાર મુદ્દા કોઈપણ ગુણવત્તાલક્ષી પત્રકારત્વ માટે ધ્યાને લેવી પડે તેવી બાબત છે. 'અકિલા' આ બધી બાબતો પ્રત્યે સજાગ અને સાવધાન છે.

**'અકિલા'ના અભિગમની વિશેષતાઓ ::–**

ભારતનાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાળ શર્માએ પત્રકારત્વને ધંધો કહેવાને બદલે 'જનતાની સેવાનું માધ્યમ' કહયું તે સર્વથા સાચું છે, પરંતુ એક રચનાત્મક સામાજિક–સાંસ્કૃતિક આંદોલનસમા પત્રકારત્વ કરતાં કરતાં મળતી માહિતી અથવા હાથ આવતા સત્યને વારંવાર તપાસતાં જવાની અને ક્રોસ ચેકિંગ વગર કોઈપણ સત્યને નહીં સ્વીકારવાની પત્રકાર માટે આવશ્યકતા છે. તે 'અકિલા'ના સંચાલકો સમજે છે એટલે તો 'અકિલા' કોઈપણ સમાચારનાં સબંધિત તમામ પક્ષકારોને પોતાની વાત કહેવાની તક આપે છે.

અમેરિકી પત્રકાર જોસેફ પુલિત્ઝર અને ભારતનાં પૂર્વ દૈનિક સર્ચલાઈટનાં એસ.કે.રાવ જેવા પૂર્વસૂરીઓની પરંપરાને જાળવવા માટે અખબારનવેસીએ ત્રણ કાર્યો કરવાનાં હોય છે.

(૧) માહિતી આપવી,
(૨) વાચકોને શિક્ષિત કરવા અને
(૩) મનોરંજન પ્રદાન કરવું.

જ્ઞાનસંપન્ન જાગ્રત સમાજનું નિર્માણ કરવા માટે વિકાસલક્ષી આલેખન કરનારા પત્રકારે સત્યમ, શિવમ, સુંદરમનાં આદર્શને અમલમાં લાવવો પડે છે અને તે પણ વસ્તુનિષ્ઠતા (ઓબ્જેકિટવિટી) સાથે. 'અકિલા'એ આ આદર્શના અમલનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે.

સ્થાનિક સમાચારોને અધિક મહત્વ આપતા 'અકિલા'ની શૈલી અને સ્વરુપ લોકભોગ્ય છે. એના સ્વદેશી કાગળ અને અક્ષરોનાં માપ તથા મરોડ આગવી ઓળખ છે. માસ્ટર હેડની બન્ને બાજુએ જાહેરાતની પેનલ હોય છે. ઉર્ધ્વગામી પક્ષીનાં ચિત્રવાળુ પ્રતીક છે. આ પ્રતીક સતત ઊંચી ઉડાનનો એટલે કે પ્રગતિનો સંદેશ આપે છે. અકિલાની ભાષાશૈલી અસલ કાઠીયાવાડી રહી છે. એનાં હેડિંગ (મથાળાં) વખણાય છે. દા.ત., કોઈને માર પડયો હોય તે સમાચારમાં ઢીબી નાખ્યો, ટીપી નાખ્યો, લમધાર્યો જેવા હૃદયસ્પર્શી શબ્દોવાળા હેડિંગ જોવા

મળે છે. સમાચારોની બાબતમાં 'અકિલા' ગરમા ગરમ છાપુ ગણાય છે. એકસકલયુઝિવ ન્યૂઝની હારમાળા સર્જવામાં 'અકિલા' મોખરે હોય છે. કોઈપણ મોટી ઘટનાની તમામ બાજુઓ આવરી લઈને સમાચારોને પાથરી દેવાની 'અકિલા'ની આગવી શૈલી છે. સમાજને ઉપયોગી લોકોને પૂરતું પ્રોત્સાહન આપ્યું છે. અને સમાજ માટે નુકશાનકર્તા તત્વોને નિર્ભયતાથી ઉઘાડા પાડયા છે. કોઈને ઉતારી પાડવાની કે ચડાવી દેવાની વૃત્તિ 'અકિલા'માં નથી એટલે જ 'અકિલા' અખબારી ધર્મના પાલનમાં અગ્રેસર ગણાય છે.

# આઈડિયોલોજી વિચારસરણી

## અન્ય કોઈ વાદ નહીં, પ્રજાવાદ-જનતાવાદ એ જ મંત્ર

સામાન્ય રીતે અખબારો એકાદ વિચારસરણીને વરેલાં હોય છે. એમ ન હોય તો છેવટે તેના તંત્રીની વિચારસરણીની અસર તો તેના પર રહેતી જ હોય છે. તંત્રી અને પત્રમાં લખતા પત્રકારોની વિચારસરણી જાણેઅજાણે પણ પત્રમાં પ્રતિબિંબત થતી હોય છે. 'અકિલા' આમાં અપવાદ રહયું છે. 'અકિલા'એ કયારેય કોઈ વાદનું વળગણ સ્વીકાર્યુ નથી. પ્રજાવાદ, જનતાવાદ અને વધીને કહીએ તો વાચકવાદ એ જ એની વિચારસરણી રહી છે.

બીજા શબ્દોમાં કહીએ તો 'અકિલા' કલમનો ખૂલ્લો મંચ રહયું છે. ગમે તે પક્ષના નાના-મોટા અગ્રણીઓને તેણે સરખો ન્યાય આપ્યો છે. એટલું જ નહીં પણ મોકળા મેદાન જેવા આઠ કોલમનો વિભાગ આપીને વાચકોને તેના વિચારો બેધડક રજૂ કરવાની તક પૂરી પાડી છે.

// ૭૯ //

## સમાચાર પત્ર જ નહીં, સંસ્થા.....

કોઈની શેહશરમ વિના બેધડક સમાચાર છાપતા 'અકિલા' અખબારની એક વિશિષ્ટતા એ પણ રહી છે કે એક સમાચાર પત્રની સાથે જ તે એક સામાજિક સંસ્થાની ભૂમિકા નિભાવે છે. રાજકોટ અને સૌરાષ્ટ્રનાં અનેક લોકો પોતાના વ્યકિતગત પ્રશ્નો અને સમસ્યાઓ લઈને 'અકિલા' કાર્યાલયે આવે, ત્યારે તેમના પ્રશ્નનો હલ કરવા કાર્યાલયનો સ્ટાફ બનતું બધુ જ કરી છૂટે છે. આમ એક અખબાર તરીકે સમાજનું પ્રતિબિંબ બન્યું છે તો સાથોસાથ સમાજ સેવાનું કેન્દ્ર પણ બન્યું છે. વહેલી સવારથી મોડી રાત સુધી કાર્યાલય ધમધમતું હોય છે. 'અકિલા'એ સૌરાષ્ટ્રની રીડરશીપ પર એવું અસરકારક અને બળવતર માધ્યમ સાબિત થયું છે કે સૌરાષ્ટ્રમાં ચાલતા અને નવા શરૂ થતાં સવારનાં દૈનિકોએ પોતાની લવાજમ યોજના વગેરેની જાહેરાતો આ અખબારમાં આપી છે. આવા દૈનિકોમાં દેશનાં મોખરાનાં અખબાર 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને 'ઈન્ડિયન એકસપ્રેસ'નો પણ સમાવેશ થાય છે.

મોટાભાગનાં સફળ અખબારોની લોકપ્રિયતા પાછળ એણે ભૂતકાળમાં ખેડેલા સંઘર્ષને કારણે મળેલી લાગણી કારણભૂત હોય છે. ભારતીય પત્રકારત્વનો ઈતિહાસ જોઈએ તો આમાં અખબારોએ આઝાદી જંગ વેળાએ સંઘર્ષ કર્યો હતો, તો એ જ રીતે મોટાભાગનાં અખબારોએ ૧૯૭૫ની કટોકટી વેળાએ સેન્સરશીપરૂપી સંઘર્ષનો સામનો કર્યો હતો. 'અકિલા'નો પ્રારંભ આ બન્ને કસોટીકાળ બાદ થયો હોવા છતાં તેની લોકપ્રિયતા ટોચ પર પહોંચી છે તે તેની વિશિષ્ટતા છે. 'અકિલા'એ આવા સંઘર્ષ ભલે ન વેઠયા હોય, પણ અખબારના વિકાસ માટે તેણે જે સંઘર્ષ કર્યો છે તે જ તેની લોકપ્રિયતા પાછળનું રહસ્ય છે.

## ખાસ વધારો : વધારાનો પર્યાય એટલે 'અકિલા'

અખબારી જગતમાં એવો શિરસ્તો હતો કે ખૂબ જ મોટી ઘટના બને તો જ ખાસ વધારો બહાર પાડવામાં આવે. 'અકિલા'એ આ શિરસ્તો તોડયો, એટલું જ નહીં પણ એક નવો ચીલો શરુ કર્યો અને લોકોમાં 'વધારા'નું નવું જ આકર્ષણ જમાવ્યું. સમાચાર પ્રાપ્ત કરવાના વિશ્વસનીય સ્ત્રોતને કારણે હજી તો કોઈ ઘટનાં આકાર લેતી હોય ત્યાં 'અકિલા'ને તેની ગંધ આવી જાય અને ખાસ વધારાની તૈયારી શરૂ થઈ જાય.

વધારો બહાર પાડવાની તેની અકલ્પનીય ઝડપને કારણે જોત જોતામાં વધારો બહાર પડી જાય અને આવી ઘટના કે દુર્ઘટના સમાચાર રેડિયો કે ટી.વી. જેવાં માધ્યમો સુધી પહોંચે તે પહેલા જ 'પ્રિન્ટ મીડિયા' દ્વારા લોકો સુધી પહોંચી જાય. ઈન્દિરાજી તેમજ રાજીવજીની હત્યા, ઓપરેશન બ્લ્યૂસ્ટાર, બાબરી ધ્વંસ, શંકરસિંહ વાઘેલાનો બળવો, સત્તાપલ્ટો, ચૂંટણી પરિણામો, સાબરમતી જેલ કાંડ, લતીફ ઠાર મરાયાની ઘટના, અખાતનાં યુધ્ધથી માંડીને સુરેશ મહેતાના રાજીનામા, ભુજનો કાળમુખો ધરતીકંપ, ગોધરાકાંડ, નરેન્દ્રભાઈ મોદી જે ઐતિહાસિક ચૂંટણી જીત્યા તેની પ્રથમ ખબર, ન્યૂર્યોક પરના લાદેનનાં ત્રાસવાદી હુમલા અને ઈરાક યુધ્ધ સહિતનાં પ્રસંગોએ 'અકિલા'એ પ્રગટ કરેલા વધારા હજજારો નહીં પણ લાખોની સંખ્યામાં વેચાયા હતાં એટલું જ નહીં પરંતુ કેટલાક પ્રસંગોએ તો 'અકિલા'એ એક જ દિવસમાં એકથી વધુ વધારા બહાર પાડવાનો વિક્રમ સ્થાપ્યો છે. જો કે હવે ટી.વી. ચેનલો અને એસ.એમ.એસ. દ્વારા સમાચારનો વ્યાપ વધતા વધારો બહાર પાડવાનું પ્રમાણ ઘટી ગયુ છે.

ગુજરાત જ નહીં પરંતુ દેશનાં રાજકારણમાં હલચલ મચાવી ચૂકેલા ગુજરાત ભાજપના ભંગાણ અને શંકરસિંહ વાઘેલાનાં બળવા વેળા 'અકિલા'એ વધારો બહાર પાડીને શંકરસિંહના બળવાનો ઘટસ્ફોટ કર્યો, ત્યારે કોંગ્રેસના તો ઠીક ભાજપના કેટલાક ટોચના નેતાઓ આ બળવાથી અજાણ હતા અને આવી ઘટના બની તે માનવા તૈયાર નહોતા.

'ખાસ વધારો' એ 'અકિલા'ની આગવી વિશિષ્ટતા રહી છે. કદાચ અતિશયોકિત લાગે તો પણ એટલું તો કહેવું જ પડશે કે 'અકિલા' એ ખાસ વધારાનો પર્યાય બન્યું છે, કેમ કે કયારેક કોઈ અન્ય દૈનિકે વધારો બહાર પાડયો હોય તો પણ એ વાંચનાર તો લોકોને એમજ કહેતો હોય છે કે 'અકિલા'નાં વધારામાં વાંચ્યું.

## સર્વાધિક સ્વદેશી

'અકિલા'નો પ્રારંભ થયો ત્યારે તે હેન્ડકંપોઝની મદદથી તૈયાર થતું હતું. મુદ્રણજગતની ટેકનોલોજીનાં વિકાસના તમામ તબક્કા સાથે 'અકિલા'એ કદમ મિલાવ્યાં છે. 'અકિલા'એ ઓફસેટ પ્રિન્ટિંગ મશીન વસાવ્યું ત્યારે હજુ ડી.ટી.પી. પધ્ધતિ પ્રચલિત નહોતી. આ સમયે 'અકિલા'એ સુવાચ્ય અક્ષરવાળા યુવાનોની મદદ લઈને હસ્તલિખિત સમાચારો પણ પ્રગટ કર્યા છે. ઉર્દૂ જેવા અખબારોને બાદ કરતાં જેમાં કંપોઝ શકય હોય છતાં સમાચારો હાથે લખાય અને તેમ છતાં હોંશે-હોંશે વંચાય એ કદાચ 'અકિલા' પૂરતો જ અપવાદ રહયો છે, તેમ કહેવું અતિશયોકિત ભર્યુ નથી.

આધુનિક પ્રિન્ટિંગ ટેકનોલોજી આવ્યા બાદ 'અકિલા'એ સંપૂર્ણ સ્વદેશીકરણ આત્મસાત્ કર્યું છે. 'અકિલા'નું સંપૂર્ણ સ્વદેશીકરણ પ્રિન્ટિંગ મશીન માત્ર મેઈડ ઈન ઈન્ડિયા જ નહીં, પણ મેઈડ ઈન રાજકોટ છે. એટલું જ નહીં, દેશભરમાં 'અકિલા' એક એવું અનન્ય અખબાર બની રહયું છે જે પોતાની પેપર મીલમાં ઘરઆંગણે બનાવેલ સંપૂર્ણ ભારતીય કાગળમાં છપાય છે. શ્રી સામ પિત્રોડા, રાજીવ દીક્ષિતજી અને દીપચંદભાઈ ગાર્ડી સુધીનાં મહાનુભાવોએ 'અકિલા'ની આ સ્વદેશી હરણફાળને મોકળા મને બિરદાવેલ છે.

'અકિલા'એ ન્યૂઝ પ્રિન્ટ તૈયાર કરવા માટે પોતા જ પેપર મીલ વસાવી છે. આમ 'અકિલા'એ દેશનું કદાચ પ્રથમ અખબાર છે કે જે પોતાની જરૂરિયાત માટેનો ન્યૂઝપ્રિન્ટ પેપર જાતે બનાવે છે. આ મિલ કુવાડવા રોડ પર સાત હનુમાન મંદિર પાસે આવેલી છે.

આધુનીકરણ સાથે કલમ મિલાવતી વેળા 'અકિલા'એ જુની ટેકનોલોજી સાથે સંકળાયેલા કર્મચારીઓને પણ નવી ટેકનોલોજી સાથે જોડી દીધા છે અને એક સમયે સીસાનાં બીબા ગોઠવનાર કર્મચારી આજે કોમ્પ્યુટરના કી બોર્ડ પર આંગળાં ફેરવે છે. 'અકિલા'એ રંગીન જાહેરાત અને સમાચારો ક્ષેત્રે કદમ આગળ ધપાવ્યાં છે. આમ 'અકિલા'એ કયારેય કર્મચારીની છટણી નથી કરી.

'અકિલા'ને આંગણે તમામ મુલાકાતીઓને પ્રતિસાદ મળે છે. અહીં આવનાર લોકોને કદી બહાર જ બેસવાનો સંકેત કરતી લાલ લાઈટ જોવા મળતી નથી. શાળાના વિદ્યાર્થીઓ તથા આમ આદમીથી માંડી ટોચનાં મહાનુભાવો સહિત સૌ કોઈ માટે 'અકિલા'નાં દ્વાર હંમેશા ખૂલ્લાં હોય છે.

'અકિલા'માં નાના મોટા તમામ લોકોને મહત્વ મળે છે. અનેક નેતાઓ પોતાની પ્રગતિમાં આ અખબારનો નિર્ણાયક ફાળો હોવાનું સ્વીકારે છે, નેતૃત્વ નિર્માણનું યોગદાન ગણે છે.

## અદભૂત ફોટો જર્નાલિઝમ

ફોટો જર્નાલિઝમ એ ખાલી કેમેરાની ચાંપ દાબવાની કળા નથી, તેનાથી અધિક છે. એક તસવીર આખા ઈતિહાસનો ચહેરો પ્રસ્તુત કરી દેતી હોય ત્યારે, તેની પાછળની દ્રષ્ટિ, મહેનત, રઝળપાટ, સમયબધ્ધતા અને કળા એ બધાંનો વિનિયોગ થઈ રહે છે. આપણા વયોવૃધ્ધ તસવીરકાર જગન મહેતાએ સ્વતંત્રતાપૂર્વેની એવી તસવીરો ઝીલી છે જે વ્યકિતવિશેષ અને ઘટનાવિશેષનો મેળમિલાપ કરાવે છે. એ સાચું જ છે કે છેલ્લાં કેટલાક વર્ષોથી દેશભરમાં ફોટો જર્નાલિઝમને મહત્વ આપવામાં આવ્યું છે, ગુજરાતમાં પણ ગણ્યા ગાંઠયા ઉત્તમ ફોટો જર્નાલિસ્ટ છે. 'અકિલા' ફોટો જર્નાલિઝમનું પોષક છે. 'અકિલા'ના પાને ગલીની ગંદકીથી માંડી હેરત પમાડે તેવી એકસકલ્યુઝિવ તસ્વીરો જોવા મળે છે. ઘટનાઓનાં ફોટો કવરેજ માટે

'અકિલા'ના ફોટોગ્રાફરો ચિત્તાની જેમ છલાંગ લગાવીને પહોંચી જતા હોય છે. રોજિંદી ઘટનાંઓ ઉપરાંત વાવણી કરતા ખેડૂતની તસ્વીર કે ટોપી વેચતા ધંધાર્થીની તસ્વીર 'અકિલા'નાં પાને મોસમની છડી પોકારે છે. 'અકિલા' પાસે અનુભવી અને ઉત્સાહી તસ્વીરકારોની ટીમ છે. ફોટાની ચોખ્ખાઈ અને દ્રષ્ટિકોણ દાદ માગે તેવા છે. ભૂકંપ વખતે 'અકિલા'નાં ફોટોગ્રાફરોએ પાડેલા ફોટાઓનાં પ્રદર્શને અમેરિકામાં પણ વાહવાહી મેળવી હતી. કયારેક એકાદ ફોટો પણ આઠ કોલમના સમાચારોથી વિશેષ મહત્વનો હોય છે.

'અકિલા' કદી વ્યસનને ઉત્તેજન મળે તેવી જાહેરખબરો છાપતું નથી. ધૂમ્રપાનની જાહેરખબર માટે મોટી નાણાકીય ઓફર પણ ઠુકરાવી દીધેલી. મહિલાઓની મર્યાદા ન જળવાય કે સુરુચિનો ભંગ થાય તેવી જાહેરખબરો અને કાર્યક્રમોની સામે હંમેશા 'અકિલા'ની તોપ મંડાયેલી રહે છે. 'અકિલા'નો ચાહક વર્ગ સીમ કે સડકથી સંસદ સુધી પથરાયેલો છે.

## તંત્રીલેખ

દરેક વર્તમાનપત્રનું અને સામયિકનું પોતાનું આગવું વ્યકિતત્વ હોય છે. દૈનિક વર્તમાનપત્રે આવું અનોખું વ્યકિતત્વ આપવામાં 'લીડર પેજ' અથવા 'તંત્રીલેખનું પાનું' મદદ કરે છે અને એમાં પણ તંત્રીલેખ પોતે એ દૈનિકનો સ્વતંત્ર અવાજ કે અભિપ્રાય રજૂ કરે છે. પણ એસ. નટરાજન કહે છે તેમ, 'ટિપ્પણ કરવાનો દરેક વિષય નીતિનો પ્રશ્ન બનતો નથી.' એમના કહેવા મુજબ દરેક નાના મોટા પ્રશ્નને નીતિવિષયક બનાવી દેવાથી વર્તમાનપત્ર ઘણીવાર બિનજરૂરી જટિલતામાં ઘેરાઈ જાય છે. 'અકિલા'માં તંત્રીલેખ પહેલાં પ્રસંગોપાત્ જ લખાતા, પરંતુ હવે નિયમિત લખાય છે. એની અસર 'સો સુનારકી' જેવી નહીં 'એક લુહાર કી' જેવી હોય છે. 'અકિલા' તંત્રીલેખ લખે ત્યારે શબ્દોને ચીપ્યા વિના બેધડક લખે છે. દાખલા તરીકે ૨૦૦૭માં રાજકોટમાં કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી, ત્યારે મુખ્યમંત્રીને સંબોધીને બેધડક લખેલું, ''નરેન્દ્રભાઈ, તમે મોદીપણું બતાવો.''

ધારદાર શૈલી અને સ્પષ્ટ રજુઆતના કારણે 'અકિલા'ના તંત્રીલેખનો નિયમિત વાંચક વર્ગ બહોળા પ્રમાણમાં થઈ ગયો છે. કેટલીક વખત તંત્રીલેખ સમાજ અને સરકાર માટે દિશાદર્શક બની રહે છે.

ઈન્ટરનેટ ક્ષેત્રે પણ તે અગ્રેસર જ રહયું છે, કેમ કે ઈન્ટરનેટ પર ઓડિયો ન્યૂઝ આપનાર 'અકિલા' દેશનું પ્રથમ અખબાર છે. હવે ફેબ્રુઆરી–માર્ચ ૨૦૦૪થી વીડીયો ન્યૂઝ પણ શરૂ કરેલ છે.

જાહેરાતના માધ્યમ તરીકે પણ 'અકિલા'ની આગવી ઓળખ રહી છે. અન્યત્ર ઉલ્લેખ છે તેમ પોતાનો સંદેશો ઠેરઠેર પહોંચાડવા રાષ્ટ્રિય અંગ્રેજી અખબારો સહિતનાં અખબારોએ 'અકિલા'માં પોતાની જાહેરાતો આપી છે તો ઉદ્યોગ વ્યવસાય ક્ષેત્રનાં લોકોએ પણ તેને જાહેરાતનું ઉત્તમ, અસરકારક અને સગવભર્યુ (પરવડે તેવું) માધ્યમ ગણ્યું છે. 'અકિલા'એ જાહેરાત માટે કદી કયાંય લાંબો હાથ કરવો પડયો નથી તે જ પ્રતિષ્ઠા બતાવે છે. દર શનિવારે 'અકિલા'માં પ્રસિધ્ધ થતી ટચૂકડી (કલાસીફાઈડ) જાહેરખબર એ તેનો અનોખો વિક્રમ છે. સાવ સામાન્ય માણસને પણ પોષાય તેવા નજીવા દરે પ્રસિધ્ધ થતી ટચૂકડી જાહેરાત સમગ્ર સૌરાષ્ટ્રમાં અત્યંત લોકપ્રિય બની છે. દર સપ્તાહે ૨૦થી ૨૪ પાનાંમાં ૧૨૦૦થી ૧૫૦૦ જેટલી ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ થાય છે. આટલા પ્રમાણમાં ટચુકડી જાહેરાતો મેળવતું અને પ્રસિધ્ધ કરતું ગુજરાતનું એક માત્ર દૈનિક છે.

## સરકારની સાથે કે સામે નહીં, વાંચકોની જ સાથે....

સરકારની સાથે કે સામે રહેવું એ પ્રશ્ન અખબારો માટે પરંપરામાં જ મળેલો છે. મોટાભાગે અખબારી માલિકો સત્તાની વિરૂધ્ધમાં જવાનું પસંદ કરતાં હોતાં નથી. ૧૯૫૬નાં મહાગુજરાત આંદોલન વખતે રમણલાલ શેઠ અને તેમના જનસત્તાએ આવો, સરકાર વિરોધી ભાગ ભજવ્યો હતો. નવનિર્માણ આંદોલન વખતે અખબારો સત્તાની ધરીથી થોડે દૂર ગયાં. ઈમરજન્સીમાં તો એવો સવાલ જ નહોતો, છતાં 'એકસપ્રેસ ગૃપ' કટોકટી વિરોધી વલણ ધરાવતું રહયું. ૧૯૫૧માં અખબારો પર સવર્ણ મનોવૃત્તિ છવાયેલી રહી. ૧૯૮૫માં મોટાભાગનાં ગુજરાતી અખબારો શાસનવિરોધની છાવણીમાં રહયાં. સમાચારપત્રો એ માત્ર ઓબ્જેકિટવ

રિપોર્ટિંગને જ વફાદાર રહેવું. તેવા આદર્શથી અલગ પડતું પત્રકારત્વ આમ કાં તો સમાજાભિમુખ થતું જાય છે અથવા તો પ્રો–એસ્ટાબ્લિશમેન્ટ રહે છે. આ ફેરફાર તપાસવા જેવો છે, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં અને વિકસિત દેશોમાં લોકશાહી હોય ત્યાં અખબારોએ કેવો ભાગ ભજવવો જોઈએ? આ પ્રશ્ન વારંવાર ઉઠે છે. વિકસિત લોકશાહીમાં અખબારની ભૂમિકા સત્યનિષ્ઠ અને ન્યાયપૂર્ણ રહે અને સરકાર કે સત્તા તરફી ન રહે તો જ લોકશાહી પ્રક્રીયાને બળ મળે.

'અકિલા' સરકારની સાથે કે સામે નહીં, પણ વાચકોની સાથે રહે છે. સરકારની પ્રજાલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવવામાં કદી કચાશ રાખતુ નથી અને જરૂર પડે ત્યાં શેહશરમ વગર સરકારને શબ્દો દ્વારા હચમચાવી મૂકવામાં પાછી પાની કરતુ નથી. અનેક પ્રજાકીય આંદોલનમાં 'અકિલા'એ અગ્રભૂમિકા ભજવી છે.

હેન્ડ કમ્પોઝ કરેલા અને સિલિન્ડર પ્રેસ પર છપાયેલા એક પાનાનાં અખબારથી શરૂ કરીને આજે ૧૪ થી ૨૮ પાનાના ફૂલફલેજડ સાંધ્ય દૈનિક અને એથી આગળ વધીને ઓડિયો–વીડીયો સિસ્ટમવાળા સૌ પ્રથમ ઈન્ટરનેટ દૈનિક સુધીની 'અકિલા'ની આ અખબારી યાત્રા દરમિયાન એણે કેંક તડકા છાંયડા જોયા છે. સતત સંઘર્ષનો સમય જોયો છે. તો 'અકિલા'ની સફળતાથી પ્રેરાઈને ઉભા થયેલા સ્પર્ધકોનો સામનો પણ હસતારમતાં જ કર્યો છે. મુખ્યમંત્રીથી માંડીને અદના આદમી સુધીના સૌને આ અખબારે સરખો ન્યાય આપ્યો છે અને પૂરતું મહત્વ આપ્યું છે અને અપાર ચાહના મેળવી છે.

તટસ્થ રહેવાને બદલે એક ઘા ને બે કટકાની ભાષામાં, હોય તે કહેવું ને લાગે તેવું લખવુંની નીતિને કારણે આ પત્રએ ગુજરાતનાં અનેક ધૂરંધરોના અહોભાવનો સાભાર સ્વીકાર્યો છે, તો વખત આવે આવા જ ધૂરંધરોના રિસામણા પણ માણ્યાં છે. એ રિસામણાં મનામણા કરતાંય સૌથી વધુ આસ્વાદ તો એણે પ્રજાજનોનાં પ્રેમનો માણ્યો છે અને પ્રજાપ્રેમના સહારે જ દાયકાથી ગમે તેવાં તોફાન વચ્ચે 'અકિલા' અડગ રહયું છે.

## અકિલાના લવાજમ યોજનાના ડ્રોની વિશેષતા

'અકિલા' દૈનિક વાર્ષિક અથવા નવમાસિક લવાજમ યોજના બહાર પાડે છે. જેટલી વિશ્વસનીયતા 'અકિલા'ના સમાચારોની છે એટલી જ વિશ્વસનીયતા અકિલાની લવાજમ યોજના છે. લવાજમના સમયગાળાની રકમ એક સાથે ભરતા ગ્રાહકને પ્રેસ તરફથી તાત્કાલિક એક સ્પોટ ગિફ્ટ આપવામાં આવે છે. ઉપરાંત ડ્રો વખતના શ્રેણીબધ્ધ ઈનામો જીતવાની તક તો ખરી જ. લવાજમના સમય દરમિયાન અખબારની કિંમતમાં થતો વધારો ગ્રાહકે ચૂકવવાનો રહેતો નથી. લવાજમ ભરનાર ગ્રાહકને અખબાર અનિયમિત અથવા મોડું મળવા જેવી કોઈ ફરિયાદ હોય તો તેના નિવારણ માટે અકિલા તરફથી અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે. ગ્રાહકની ફરિયાદ રૂબરૂ, પત્રથી કે ફોન પર નોંધી તેનો સંતોષકારક ઉકેલ લાવવાનો પ્રબંધ છે. 'અકિલા'ની શહેર અને બહારગામની આવૃત્તિ અને તે મળી દૈનિક સિત્તેર હજાર જેટલો ફેલાવો છે. જેમાં ત્રીજા ભાગનાં લવાજમ યોજનાના સભ્યો છે. **'અકિલા'**નાં વ્યવસ્થાપક સ્વ. એ.જી. છુકારીયા તથા મશીન વિભાગના સંચાલકોએ અખબારી વિતરકો સાથે સીધા સંવાદની પરંપરા શરૂ કરેલી તે હજુ યથાવત છે.

'અકિલા' સાદાઈ અને સિધ્ધાંત નિષ્ઠાને વરેલું અખબાર છે. કાર્યાલયમાં જેટલી સાદગી જોવા મળે છે, એટલી જ સાદગી કાર્યક્રમમાં પણ જોવા મળે છે. માત્ર અખબાર ચલાવવું એટલું પૂરતું નથી, પરંતુ માનવસેવાનાં યજ્ઞમાં પણ પોતાનું યોગદાન હોવું જોઈએ, તેવું 'અકિલા' પરિવારનું વલણ છે. 'અકિલા'ના તંત્રી શ્રી અજીતભાઈ ગણાત્રા અને મેનેજિંગ તંત્રી શ્રી કિરીટભાઈ ગણાત્રા માને છે કે, 'પ્રાર્થના માટે લંબાવેલા બે હાથ કરતાં જરૂરિયાતમંદને મદદ માટે લંબાવેલ એક હાથનો મહિમા વધુ છે.'

'અકિલા'ની લવાજમ યોજનાનો ડ્રો દર વર્ષે સાદગી અને માનવીય દ્રષ્ટિકોણને કેન્દ્રમાં રાખીને થાય છે. આજ સુધીના દરેક ડ્રોની શરૂઆત અંધ મહિલા વિકાસ ગૃહની બહેનોની પ્રાર્થના થાય છે. મુખ્ય ઈનામો પણ અંધબહેનોનાં હસ્તે જ ખેંચવામાં આવે છે. ડ્રોમાં

તમામ ગ્રાહકોના લવાજમ યોજનાના કૂપન નાખી સંપૂર્ણ પારદર્શક પધ્ધતિથી ઈનામ કૂપનો ખેંચવામાં આવે છે. બીજા દિવસનાં અખબારમાં વિજેતા ગ્રાહકો, એજન્ટો અને નંબરો તથા નામ, સરનામાં સાથેની વિગત પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જૂન ૨૦૦૬માં રાજકોટથી ૧૮ કિ.મી. દુર નિરાધાર વૃધ્ધોનાં આશરા સમાન ઢોલરાના 'દીકરાનાં ઘર' વૃધ્ધાશ્રમ ખાતે લવાજમ યોજનાનો ડ્રો યોજવામાં આવેલ, જેને પરિવારની હૂંફથી વંચિત વૃધ્ધાશ્રમમાં સ્વમાનભેર આથમતું આયખું વિતાવનાર વડીલોના સાનિધ્યમાં અખબારની લવાજમ યોજનાનો ડ્રો યોજાયો હોય, તેવી આ પ્રથમ ઘટના હતી. વડીલોએ 'અકિલા' પર અસીમ આશીર્વાદ વરસાવેલા. મહેમાનોએ પણ નૂતન પ્રયોગના પેટભરીને વખાણ કરેલાં. કાર્યક્રમ નિમિત્તે 'અકિલા' તરફથી 'દીકરાનું ઘર' વૃધ્ધાશ્રમને રૂા. ૫૧,૦૦૦/- નું દાન આપવામાં આવ્યું હતું.

'અકિલા'એ ઑગષ્ટ-૨૦૦૭માં વાર્ષિક લવાજમ યોજનાનો ડ્રો વિનામૂલ્યે હાર્ટસર્જરી કરતી રાજકોટની સુપ્રસિધ્ધ સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ ખાતે યોજયો હતો. 'અકિલા' કયારેક પરાધીન વૃધ્ધોની વચ્ચે તો કયારેક દરિદ્ર દર્દીઓની વચ્ચે હોય છે. જયાં દર્દીઓ માટે 'બીલ' નહીં, પણ માત્ર 'દિલ' (સ્નેહ) છે તેવી હોસ્પિટલનાં આંગણે લવાજમ યોજનાનો ડ્રો યોજીને 'અકિલા'એ નવો ઈતિહાસ સર્જેલ. કાર્યક્રમના અધ્યક્ષે આ પગલાને બિરદાવતા જણાવ્યું હતું કે, 'ફાઈવસ્ટાર હોટલમાં ડ્રો યોજી શકવાની ક્ષમતા છતાં હાર્ટ હોસ્પિટલમાં ડ્રો યોજવાનું અકિલાનું પગલું કંઈક લઈ લેવાની નહીં, પણ આપી દેવાની ભાવના દર્શાવે છે. અકિલા સમાજનાં પ્રત્યેક માનવીને પોતીકું લાગે છે. અકિલાએ હંમેશા સમાજનાં કચડાયેલા વર્ગનાં આંસુ લૂછયાં છે.' ૨૦૧૧માં બહેરા મુંગા શાળામાં ડ્રો યોજાયો હતો. ૨૦૧૩માં અંધ મહિલા વિકાસ ગૃહ ખાતે તથા ૨૦૧૪માં શ્રીજી ગૌશાળા ખાતે લવાજમ યોજનાનો ડ્રો યોજી પરંપરાને આગળ ધપાવી છે.

અન્ય એક વકતાએ અકિલાની તટસ્થતા અને નિડરતાને બિરદાવતા કહયું હતું કે, 'અકિલા ગુલાબનાં ફૂલ જેવું છે. સમાજનાં હિતેચ્છુઓને એની સુગંધ મળે છે, સમાજના વિરોધીઓએ એના કાંટાની પીડા સહન કરવી પડે છે અકિલા આમ સહુનું છે અને છતાં કોઈનું નથી. અકિલા કોઈનું હરીફ નથી અને અકિલાનું કોઈ હરીફ નથી.'

|| ૮૮ ||

અકિલાનાં લવાજમ યોજનાનાં ડ્રો વખતે સમાજનાં તમામ વર્ગનાં પ્રતિનિધિઓને આમંત્રિત કરવામાં આવે છે. મંચ પર ક્ષેત્ર, ભૂગોળ અને પ્રોટોકોલને ધ્યાનમાં રાખી વિશેષ આમંત્રિત તરીકે માન સ્થાન આપવામાં આવે છે. એક વખત અકિલાનાં મંચ પર છ મહેમાનો પૈકી ત્રણ મહિલાઓ હતી. તેથી એક વખતે મહિલા વકતાએ પ્રવચનમાં હર્ષભેર જણાવેલ કે, 'દેશમાં હજુ ૩૩ ટકા મહિલા અનામતની વાત ચાલતી હોય પણ અકિલા સમારંભમાં ૫૦ ટકા મહિલા અનામતનો પ્રારંભ થઈ ચૂકયો છે.' સામાન્ય રીતે મુખ્ય રાજકીય પક્ષોના એક–એક પ્રતિનિધિ તેમજ પોલિસ અથવા વહીવટી તંત્રનાં એક અધિકારી, એક વેપારી પ્રતિનિધિ અને એક કલાકાર અથવા સંતને મંચ પર સ્થાન આપવાની પ્રણાલિકા અકિલાએ પાડી છે. અકિલાના કાર્યક્રમમાં શાહી ઠાઠ નહીં, પણ આગવી શાન જોવા મળે છે. આમંત્રિતો અકિલાના આમંત્રણને એક લહાવો સમજે છે.

અકિલાએ સમારંભમાં 'બૂકે'ને બદલે 'બૂક'ની નવી સંસ્કૃતિ અપનાવી છે. હિન્દુસ્તાનમાં આર્થિક ગરીબી કરતાં વૈચારિક ગરીબી મોટી સમસ્યા છે. તેથી સમારંભમાં સુગંધી ફૂલોના હાર કે બૂકેને બદલે સંસ્કારો અને જ્ઞાનની સુગંધવાળી બૂક (પુસ્તકો) મહેમાનોને આપી સન્માનિત કરવામાં આવે છે. મહત્વના બનવું તે સારી બાબત છે, પરંતુ સારા બનવું તે વધુ મહત્વનું છે અને વધુ સારા બનવાની પ્રેરણા પુસ્તકોમાંથી મળે છે. તેથી અકિલાએ બૂકેના બદલે બૂકને મહત્વ આપ્યું છે. ભૂતકાળમાં ફૂલહારના બદલે સુતરની આંટી કે ખાદીના રૂમાલ આપી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યાના દાખલા છે. માત્ર સમાચારોની શૈલીમાં જ નહીં વ્યવહારમાં પણ અકિલા અન્યથી અનોખું હોવાનું પ્રસ્થાપિત થાય છે. અકિલાના આંગણે સામાન્ય રીતે લવાજમ યોજનાના ડ્રો સિવાય બીજા કોઈ સમારોહ થતા નથી. અકિલાએ પોતાના કાર્યાલયની બહાર સમય સૂચક ઈલેકટ્રોનિક ઘડી મૂકી છે. તે જ જુદા જુદા તહેવારો પર વાચકોને શુભકામનાં પાઠવતા વિશાળ સચિત્ર હોર્ડિંગ્ઝ મૂકવામાં આવે છે. યુનિવર્સિટીની પરીક્ષાઓના પરિણામો અકિલા પર જાણવા વિદ્યાર્થીઓનો મેળાવડો જામે છે.

## જન્મદિને મહાનુભાવોનાં ફોટા સાથે સમાચાર

સમાજનાં સેકંડો લોકો અકિલાના શુભેચ્છકો છે, તે રીતે અકિલા પણ અસંખ્ય લોકોનું શુભેચ્છક છે. મહાનુભાવોના જન્મદિનનાં સમાચારો પ્રસિધ્ધ કરવાની અકિલાની રીત અનોખી છે. રાજકીય, સામાજિક, ધાર્મિક, વહીવટી વગેરે ક્ષેત્રે નામના ધરાવતા મહાનુભાવોના ફોટા અને જન્મ તારીખનો રેકોર્ડ અકિલા પાસે છે, જે તે મહાનુભાવોના જન્મદિવસે સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવે છે. કેટલીક વખત તો જેના જન્મદિનના સમાચાર પ્રસિધ્ધ થતા હોય તેને શુભેચ્છકના ફોનથી જ ખબર પડે ત્યારે સુખદ આશ્ચર્ય અનુભવે છે. જન્મદિનના સમાચારની સાથે સંબંધિત વ્યકિતના સંપર્ક માટે ફોન નંબર અચૂક લખવામાં આવે છે. અમુક કિસ્સામાં જન્મદિનની શુભેચ્છા સાથે 'ટકોર' પણ કરી દેવામાં આવે છે. ઈન્ટરનેટ પર સમાચાર વાંચી વિદેશવાસીઓની શુભેચ્છા ઝિલવાની તક આપવામાં અકિલા નિમિત્ત બનીને સંતોષ મેળવે છે. કેટલીક વખત જેનો જન્મદિન હોય તે વ્યકિતના અન્ય વ્યકિત સાથેનાં સંપર્કો તાજા થાય છે. જન્મદિનના સમાચારનું માધ્યમ વ્યકિત વિશેષની ઉંમર અને એની ખૂબીઓનો ઢંઢેરો પીટે છે.

અકિલાનો ખુદનો જન્મદિવસ ૧૫ ઓગષ્ટ છે. કયારેક કોઈ વ્યકિતનાં યાદગાર લાક્ષણિક ફોટાને મૂકીને તેને અનુરૂપ લખાણ કરવામાં આવે છે. જન્મદિવસના સમાચારથી મહાનુભાવોના ફોન નંબરો આમ જનતા સુધી સહેલાઈથી પહોંચે છે, જે કયારેક બહુ ઉપયોગી થાય છે.

## અકિલા પાસે માગો એના ફોટા : સમૃધ્ધ લાઈબ્રેરી

સમાચારોની જેમ જ ફોટાનું અદકેરૂં મહત્વ છે. સમાચારો વગરના ફોટા અથવા ફોટા વગરના સમાચારપત્રની કલ્પના કરવી મુશ્કેલ છે. અકિલા પ્રસંગોપાત્ ફોટોગ્રાફર દોડાવીને ફોટા પ્રસિધ્ધ કરવામાં અગ્રેસર હોય છે. તે ઉપરાંત ફોટો લાયબ્રેરી (તસ્વીર સંગ્રહ)ની બાબતમાં અકિલા અદ્વિતીય છે.

ફોટાથી સમાચારનો અનોખો ઉઠાવ આવે છે. અકિલા પાસે પહેલા નેગેટિવ અને ઓરિજનલ ફોટાઓની વ્યવસ્થિત લાયબ્રેરી હતી. હવે સમયને અનુરૂપ કોમ્પ્યુટરાઈઝડ લાયબ્રેરી છે. તમામ ક્ષેત્રના અગ્રણીઓ તસ્વીર સ્વરૂપે અકિલાની ફોટો લાયબ્રેરીમાં સુરક્ષિત છે. પાસપોર્ટ સાઈઝના પ્રસિધ્ધ કરી શકાય તેવા એક લાખથી વધારે ફોટા અને શ્રેણીબધ્ધ પ્રતીકો અકિલા પાસે ઉપલબ્ધ છે. વ્યકિતગત ધોરણે સૌથી વધુ ફોટા અકિલા પ્રસિધ્ધ કરે છે. જેના માટે સમાચાર લખાયા હોય તેને ફોટાનું વિશેષ આકર્ષણ રહે છે. સમાચાર વખતે જે વ્યકિતના ફોટાની જરૂર હોય તેનો ફોટો સરળતાથી મળી રહે તે માટે કોમ્પ્યુટરમાં વિભાગવાર ગોઠવણી કરવામાં આવી છે. દા.ત, રાષ્ટ્રીય, પ્રાદેશિક, ધાર્મિક, સ્થાનિક, ગુનાખોરી, ચલચિત્ર વગેરે.... બારાક્ષરી મુજબના નામથી ફોટા સરળતાથી મળી જાય છે. દા.ત., કોઈ સમાચારમાં અમિતાભ બચ્ચનના ફોટાની જરૂર હોય તો ફોટો લાયબ્રેરીમાં ફિલ્મ વિભાગ ખોલી 'એ' કલીક કરવાથી અમિતાભનાં એકથી વધુ ફોટા સાથે આવી જાય છે. તેમાંથી અનુકૂળતા મુજબ ઉપયોગ કરી શકાય છે. 'અકિલા' ફોટો અને માહિતી માટે ઈન્ટરનેટમાં ગુગલ જેવા સ્રોતનો પણ ઉપયોગ કરે છે. ગ્રંથાલયની તસવીર સમૃધ્ધ દિનપ્રતિદિન વધી રહી છે. અકિલાની મુલાકાતે આવતા મહાનુભાવોના ફોટા અનુપમ સંભારણા તરીકે સાચવવામાં આવે છે.

## અપીલ દ્વારા માનવતાનો સાદ ઝિલતું અકિલા

માનવસેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને અકિલાની પૂરતી પુષ્ટિ છે. માત્ર વાચન પીરસવું એટલું અકિલા માટે પૂરતુ નથી, માનવસેવાના યજ્ઞમાં અખબારનાં માધ્યમથી અકિલા યોગદાન આપી રહયું છે. સમાજમાં અનેક એવા દીનદુઃખી પરિવારો છે, કે જેતે સમાજની મદદની જરૂર પડે છે. આર્થિક રીતે અશકત એવા દર્દીઓને નિદાન–સારવાર માટે અકિલા વાચકો સમક્ષ ઝોળી ફેલાવી દે છે.

કોઈ ગરીબ દર્દીને ગંભીર બીમારીમાં માત્ર પૈસાના અભાવે સારવાર અટકતી હોય અને એનો જીવ જોખમમાં હોય ત્યારે અકિલા માનવધર્મ બજાવવામાં મોખરે રહે છે. દર્દી ખરેખર જરૂરિયાતમંદ હોય તો એના ફોટા સાથે અખબારમાં એના માટે સહાયની અપીલ પ્રસિધ્ધ કરવામાં આવે છે. દર્દી માટે આર્થિક સહાયની અપીલ પ્રસિધ્ધ કરવા પૂર્વે રોગસબંધી તબીબી કાગળો, અંદાજી ખર્ચ સાથેનો તબીબનો ભલામણપત્ર તેમજ દર્દીની આર્થિક સ્થિતિ અંગે ખાસ ચકાસણી કરવામાં આવે છે. દાતાઓનું દાન એળે ન હોય એની અકિલા ચિંતા કરે છે. અકિલામાં દર્દીના નામ, સરનામાં, તબીબનું નામ, રોગનું વર્ણન, આર્થિક સ્થિતિ અને બેંકના બચત ખાતાના નંબર પ્રસિધ્ધ કરવામાં આવે છે. અપીલ દ્વારા દર્દીનું આર્થિક સંકટ ટાળી અનેકનાં આંસુ લૂછવા અકિલા નિમિત્ત બન્યું છે. ઈન્ટરનેટ પર અકિલા વાંચીને બિનનિવાસી ભારતીયોએ દાનનો ધોધ વહેવડાવ્યાના અનેક દાખલા છે. અકિલા કાર્યાલય પર કોઈના વતી રોકડ દાન કે અન્ય કોઈપણ વસ્તુ સ્વીકારવામાં આવતી નથી. અકિલા આંગળી ચીંધ્યાનું પુણ્ય મેળવે છે.

## ત્રણ પ્રકારના સમાચાર પ્રસારણ દ્વારા જનમત ઘડતર

લોકમતના ઘડતર અને પરિવર્તનમાં અકિલાનું કાર્ય મહત્વનું છે. અનેક વિદ્વાનો લોકશિક્ષણનું જે કાર્ય સંપન્ન કરી શકે એ કાર્ય પત્રકાર ખૂબ જ ઝડપથી કરી શકે છે. રાજા રામમોહન રાય, ગાંધીજી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી વિગેરે લોકશિક્ષણ માટે પત્રકારત્વનો સરસ અને સફળ ઉપયોગ કરી દેખાડયો. 'યંગ ઈન્ડિયા' અને 'હરિજન બંધુ'માં પ્રગટ થયેલા લેખોએ લોકોમાં નવા વિચારોનું વાવેતર કર્યુ તેમજ લોકજાગૃતિની મશાલનું અદ્‌ભુત કાર્ય કરી દેખાડયુ. નર્મદ જેવા સમાજસુધારકોએ પણ પોતાનો સુધારાવાદી દ્રષ્ટિકોણ લોકો સુધી પહોંચાડવા માટે પત્રકારત્વનો જ આશ્રય લીધો હતો. અકિલાની દિશા પણ લોકમત ઘડતર તરફની છે. પ્રિન્ટ એડિશન ઉપરાંત ઈન્ટરનેટ એડિશનમાં તેની ઝલક દેખાઈ આવે છે. અકિલાએ ત્રણ વર્ષથી મોબાઈલ ફોનમાં એસ.એમ.એસ. દ્વારા સમાચાર આપવાની સુવિધા શરૂ કરેલ છે. મહત્વના સમાચારો ગણતરીની મિનિટોમાં ચોમેર ફેલાવી શકે છે. એસ.એમ.એસ. સેવાનો બાર હજાર જેટલા લોકો લાભ મેળવે છે.

## ઈન્ટરનેટ આવૃત્તિની દશાબ્દી નિમિત્તે સ્મરણિકા

કોઈપણ અખબાર કે સંસ્થા માટે સ્મરણિકા ખરેખર સંભારણારૂપ હોય છે. કોઈ ખાસ પ્રસંગોએ સોવેનિયર બહાર પાડવામાં આવે છે. અકિલાની લોકપ્રિય ઈન્ટરનેટ આવૃત્તિની દશાબ્દી નિમિતે ઓકટોબર-૨૦૦૭માં મોહક સોવેનિયર પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતુ, જેનું વિમોચન અમેરિકા ખાતે ઓકટોબર-૨૦૦૭માં કરવામાં આવ્યું હતું.

અકિલાની ઈન્ટરનેટ આવૃત્તિનાં દશકા નિમિતેનાં ૮૦ પાનાના સોવેનિયર 'akilaindia.com' નું પ્રિન્ટિંગ પણ અમેરિકામાં થયેલ. આકર્ષક બહુરંગી મુખપૃષ્ઠ હતું. મુદ્રણ, કાગળ અને માહિતીની દ્રષ્ટિએ સોવેનિયર નંબર વન ગણી શકાય તેવું લોકો માનતાં હતાં, અકિલાની વેબ એડિશનના સંપાદક શ્રી નિમિષ ગણાત્રાએ આત્મીયતાસભર શબ્દોમાં પ્રસ્તાવનામાં જણાવેલ કે, લાખ્ખો ગુજરાતીઓના વહાલથી વેબ આવૃત્તિ મહેકી રહી છે. અકિલાનું ખરૂ ઘડતર દેશ વિદેશમાં પથરાયેલા લાખો વાચકોએ કર્યુ છે, ગુજરાતીઓના અનરાધાર પ્રેમથી અકિલા ભીંજાઈ રહયું છે. અકિલા પરિવાર ખાત્રી આપે છે કે, પૃથ્વી પર પથરાયેલા ગુજરાતીઓના પ્રેમના બળે અકિલા બમણા જોશથી હરહંમેશ વરસતું રહેશે.

સોવેનિયરમાં માહિતીપ્રદ અને રસપ્રદ લેખો લખવામાં આવ્યા હતા. જેમાં અમેરિકાવાસી ભારતીયોનો ઈતિહાસ, વિદેશમાં દેશી ધોળિયાઓની ગમ્મતભરી સરનેઈમ (અટક), રામ-કામ અને ભોજનમાં કઢી લોકપ્રિયતાનાં વર્ણનો, જય સ્વામિનારાયણ, ભારતનાં પ્રેમમાં પડી જવાય એવી દશ બાબતો, અમેરિકન દેશી, ઈન્ડિયન દેશી, ભગવાન શ્રી મહાવીર નમન, રોગ અને ભોગના પ્રભાવથી છૂટવા માટે યોગનાં અગિયાર પગથિયાં વગેરેનો સમાવેશ આ સ્મરણિકામાં થયો હતો.

સોવેનિયરમાં લગભગ તમામ ધર્મો તેમજ આરોગ્ય, શિક્ષણ, મનોરંજન વગેરેને લગતી બાબતો આવરી લેવામાં આવી હતી. દેશ-વિદેશની અનેક નામી કંપનીઓએ સોવેનિયરમાં જાહેરાત આપી અકિલાની યશકલગીમાં પીંછું ઉમેર્યું હતું.

વિશ્વનાં સંખ્યાબંધ દેશોમાં અકિલાની 'ઈ–આવૃત્તિ' આગેકૂચ કરી રહી છે, જેમાં અમેરિકાનો ફાળો સૌથી મોટો છે. અમેરિકાનાં વિવિધ ક્ષેત્રોમાં રહેલા અગ્રણીઓએ અકિલાને વહાલથી વધાવી લીધું છે. અકિલા દ્વારા બધાજ સમુદાયોનાં જનજીવન અને સંસ્કૃતિનું વૈવિધ્ય સમગ્રપણે દર્શાવાય છે. અકિલાનાં અખિલ વિશ્વમાં છવાઈ જવાનાં સપનાં તેના સૂત્રધારો અને સહયોગી કર્મચારીઓથી સાકાર થશે એવી શ્રધ્ધા અસ્થાને નથી.

**નિષ્કર્ષ :**

'અકિલા'ના સમાચારો અને લેખનશૈલીમાં વૈવિધ્ય જોવા મળે છે. 'અકિલા'નો સંચાલનમાં સ્વદેશી અભિગમ છે પરંતુ વાંચનમાં દેશ – વિદેશની સમાચાર સામગ્રી જોવા મળે છે. 'અકિલા' વાંચકોને સમાચારો ઉપરાંત જીવન ઉપયોગી માહિતી અને મનોરંજન આપે છે. સમાજનું અભિન્ન અંગ બની રહેવાનો 'અકિલા'નો પ્રયાસ દેખાઈ આવે છે. 'અકિલા'ની જમાવટ કરવામાં તેના સંચાલકોએ સાડા ત્રણ દાયકાથી ચાલુ રાખેલો આયોજનપૂર્વકનો પુરૂર્ષાથ ઉગી નિકળ્યો છે.

——————————————